# મૂર્તિ

સર્વ સાધનનું ફળ

સપ્ટેમ્બર - ૨૦૨૫
વર્ષ : ૨૨ અંક : ૦૯
વાર્ષિક :₹૫૦/-

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

**અનાદિ મહામુક્તરાજશ્રી**
**અબજીબાપા સ્મૃતિ શતાબ્દી**

**100** સંવત ૧૯૮૪-૨૦૮૪ વર્ષ-2028

સંવત ૨૦૮૪ વૈશાખ સુદ ૭ થી વૈશાખ સુદ ૧૫
તા.૧-૫-૨૮ સોમવાર થી ૮-૫-૨૦૨૮ સોમવાર

**શ્રી અબજીબાપાની છતેડી**
• બળદિયા, ભુજ-કચ્છ •



સ્વાતંત્ર્ય પર્વે



અષાઢી ઉજવણી - લંડન



હિંડોળા પૂર્ણાહુતિ આરતી - છતેડીધામ



જન્માષ્ટમી પર્વ
છતેડીધામ



મુનિ સ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી પ્રાગટ્ય દિને સત્સંગ બ્રહ્મયજ્ઞ : સુરેન્દ્રનગર



મુનિ સ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી પ્રાગટ્ય દિને સત્સંગ બ્રહ્મયજ્ઞ : સુરેન્દ્રનગર



જન્માષ્ટમી પર્વ : છતેડીધામ



જન્મોત્સવ



છઠ્ઠી



RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ



સપ્ટેમ્બર : ૨૦૨૫

વર્ષ : ૨૨

અંક : ૦૯


## દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



## તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

## પ્રકાશક

**શ્રી અબજીબાપાની છતેડી અને**
**હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)

મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪

E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

## લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

## પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

## પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com




| અનુક્રમ | પેજ |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| દિવ્યામૃત | ૮ |
| આધ્યાત્મજ્ઞાન | ૧૦ |
| શ્રીજીમહારાજની રૂચી | ૧૨ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૩ |
| કેળવણી | ૧૪ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ

ગતાંકથી ચાલુ...

## મુક્તમુનિ તથા વર્ણીએ સં. ૧૮૫૬ ફાગણ વદ-૫ના રામાનંદ સ્વામીને પત્ર લખ્યો

દિવસો વિતતા જાય છે. શ્રીહરિ લોજમાં અલૌકિક લીલાઓ કરે છે પણ અંતરમાં રામાનંદ સ્વામીને મળવાની તાલાવેલી છે. ચૈત્ર માસે આવવાની અવધી પૂરી થઈ છતાં રામાનંદ સ્વામી ન આવ્યા. વર્ણી વ્યાકુળ થઈને ઉદાસ થઈ ગયા. ત્યારે મુક્તમુનિ કહે હું પત્ર લખી સ્વામીનો ઉતર આવે તે પ્રમાણે તમે કરજો. મુક્તમુનિ પત્રમાં વર્ણીના ગુણો લખતા કહે છે. ''સંતોની સેવા, જ્ઞાન, ધ્યાન અને યોગકળામાં અજોડ સિદ્ધ છે. તેમને દેખતા જ વૃત્તિ ચોંટી જાય છે. તેમની વાત સાંભળે કે તરત જ સૌ કોઈ વશ થઈ જાય છે. પશુપંખી પણ થંભી જાય છે. પૂર્વે થયેલાં મોટા ઋષિઓથી પણ અધિક જણાય છે. તે આવ્યા ત્યારથી ભગવાનના ધામ જેવું સુખ વર્તે છે. આવા અનંત ગુણેયુક્ત યોગી અમારા દેખ્યામાં કોઈ દિવસ આવ્યા નથી. તેમને તમારી પાસે આવવાની અતિ ઉત્કંઠા છે.'' મુક્તમુનિએ વર્ણીને પણ પત્ર લખવા જણાવ્યું. ત્યારે વર્ણીએ પણ પત્ર લખ્યો,

શ્રી ૐ

'સ્વતિશ્રી ભુજનગર મહાશુભ સ્થાન વિરાજમાન સ્વામીજી શ્રી રામાનંદજી સદ્ગુરૂ રૂપી સુરજ ઉદય ભયે હે. વાકિ સેવામેં ગાંવ લોજ સે સેવક બ્રહમચારી નીલકંઠ દુજ સંજ્ઞા સરજુદાસ કે દંડવત પ્રણામ બાચોંગે. વિશેષ લખના કારન યો હૈ કી હમ ઈશ્વર ઈરછાશુ ચારુ ધામ ફરીકે યહિ દેશમે આ ગયે. તીહા તુમ્હારા નામ સુના કી પ્રશ્ચિમ દેશમેં જીવનમુકતા પ્રગટે હૈ. ફીર વનમેં ગોપાલયોગી પાસ રહે કે યોગ સાધના કરકે અષ્ટાંગ યોગ સિદ્ર કિયા. ઉસ બરકતમે યહ યોગીને કહા થા જો ગીરનાર કી છાયા મૈ સિધ મિલેંગે ફિર હમ બાયુ ભક્ષ્ન કરકે બહુત દિન રહે, પરંતુ પ્રગટ કૃષ્ણ કે દર્શન  ન હુવે. અબ શુદ્ધ ભૂમી જાન કે યહાં રહેં હૈ. તો આપ યહાં બીરાજી કે હમકું પ્રગટ કૃષ્ણ મિલાવો. હમે સુના હૈ કિ આપ ધારનામેં દર્શન કરવાતે હો ઐસા સ્વામી મુકતાનંદજીસે સુનકે યહ સાધુ કું હમ નિષ્કપટ જાનકે ઠહરે હૈ. સ્વામીજી ઓર ભટ્ટજી કહે કિ હમ યહાં બોલાવેંગે. વહાં તક યહાં રહો. ભટ્ટજી માયારામજી કું મત યહ હૈ જો દોનુપત્ર પઠકે તુરંત હમારે પર કૃપા કરેંગે.

જૈસે ચકોર ચંદ કું ઈરછે હૈ ઐસે હમ તુમહારે દર્ઈન કું ચહતે હૈં કિ તુરંત દર્શન દે દો નહિ તો તુમ્હારી સેવામેં આયેંગે. સંવત ૧૮૫૬ કા ફાલ્ગુન વદી ૫ પઢો હૈ. તુરંત બાચીકે કરૂના દષ્ટિ કરોંગે. નહિ તો હમ નહિ રહેંગે.'
– બ્ર. નીલકંઠકા સાષ્ટાંગ પ્રનામ

બન્ને પત્ર લઈને મયારામ ભટ્ટ સાતમે દિવસે ગંગારામ મલ્લના ઘેર રામાનંદ સ્વામી બિરાજમાન હતા તેમને આપ્યો. વર્ણીનો પત્રને વારે વારે કંઠે તથા છાતીએ લગાવ્યો. પછી પત્ર પોતે મનમાં વાંચી હરિભક્તોને વાંચી સંભળાવ્યો અને વધાઈમાં સાકર વહેંચી. પછી નિલકંઠ વર્ણીને પત્રનો જવાબ લખતા કહ્યું,''થોડી ધીરજ રાખજો અને સુખ-દુઃખ પડે તો સહન કરજો. તમે જે કારણ દેહ ધર્યો છે તે વિચારજો અને સત્સંગ રૂપી સ્તંભને બાથ ભીડીને રહેજો. ભક્તિને વશ થઈને

તમે બંધાઓ છે કારણ કે તમે ભક્તવત્સલ છો. તમને અમારામાં સ્નેહ હોય તો આ અમારી આજ્ઞા માનજો.'' પછી મુક્તમુનિને ઉદેશીને લખ્યું.'' વર્ણીની સેવા કરજો. મારાથી પણ અધિક તેમની મરજી સાચવજો. અષ્ટાંગ યોગ તેમની પાસે શીખજો વૈશાખ ઉતરતા અમે પીપલાણામાં આવીશું. ત્યાં દર્શને આવજો.'' આમ બન્ને પત્ર લઈને મયારામ ભટ્ટે લોજ આવીને આપ્યો. પત્ર વાંચીને મુક્તમુનિ અને સંતો આનંદ પામ્યા. પણ શ્રીહરિ તો રામાનંદ સ્વામીને મળવા વ્યાકુળ હતા. તેમને મુક્તમુનિને કહ્યું, ''તમે રામાનંદ સ્વામીને મળવા વ્યાકુળ હતા. તેમને મુક્તમુનિને કહ્યું, ''તમે રામાનંદ સ્વામીનું ધ્યાન કરો તો તમારી વૃત્તિમાં મારી વૃત્તિને ભેળવી હું પણ રામાનંદ સ્વામીના દર્શન કરી શકું. મુક્તમુનિ ધ્યાન કરવા બેઠા. વર્ણી પણ બેઠા. મુક્તમુનિ જે કાંઈ દેખતા અને સંકલ્પ કરતા તે વર્ણી તેમને જણાવી દેતા. આ જોઈ મુક્તમુનિ આશ્ચર્ય પામ્યા પણ આમ બીજાના અંતરનું બહુ કહેવું એ સારું નથી. ક્ષુદ્ર નદીઓ છલકાય પણ સમુદ્ર છલકાતો નથી. આ વાત સાંભળી વર્ણી તે રીતે રહેવા લાગ્યા અને બેસતાં, ઉઠતા, ચાલતા, ખાતા, પિતા ધ્યાનમાં રહેવા લાગ્યા. કથા, કિર્તન વિના એક ઘડી પણ જતી નહીં અને સંતોની સેવામાં મગ્ન રહેતા.

## પીપલાણામાં નીલકંઠવર્ણી અને રામાનંદ સ્વામીનો મેળાપ

- વૈશાખ પૂર્ણ થયો તો પણ રામાનંદ સ્વામી ન આવ્યા તેથી વર્ણી વ્યાકુળ થઈ ગયા. મુક્તમુનિ ધીરજ રાખવાનું કહે છે. સં.૧૮૫૬ જેઠ વદ ૧૧ના દિવસે રામાનંદ સ્વામી પીપલાણા પધાર્યા. તેમને તરત જ દ્વિજ કુરજીને સર્વે સંતો તથા વર્ણીને બોલાવવા લોજ મોકલ્યા. સમાચાર મળતા સહુ સંતો આનંદ પામ્યા. નીલકંઠ વર્ણીની આતુરતાનો પાર ન રહ્યો. બીજા દિવસે ચન્દ્રોદય (વદ ૧૨ના ચન્દ્રોદય પરોઢે થતો હોય છે) સમયે સંતો તથા વર્ણી ચાલતાં થયા. ચાલતાં ચાલતાં વર્ણી થાકી ગયા અને બેસી ગયા અને બોલ્યા. હજુ પીપલાણા કેટલા ગાઉ દૂર છે? (લોજ-પીપલાણા લગભગ ૫૦ કિ.મી. ૧૭ ગાઉ થાય) મુક્તમુનિ કહે હજુ તો ગામ દૂર છે. અને તમને ઉચકીને ચાલીએ. ત્યારે વર્ણીએ યોગધારણા કરી વાયુવેગે ચાલવા માંડ્યું. સંતો સૌ પાછળ રહી ગયા. વચ્ચે બંને કાંઠે વહેતી ઓઝત નદી આવી. શ્રીહરિ તેને પણ પાર કરી ગયા. પાછળથી સંતો આવ્યા તે ધીરે રહીને સાથે મળીને નદી પાર કરી. નદીમાં સ્નાન કરી તિલક કર્યા અને સં ૧૮૫૬ જેઠ વદ-૧૨ ના નરસિંહ મહેતાને ઘેર આવ્યા, જ્યાં રામાનંદ સ્વામી સંતની સભામાં બેઠા હતા. ગૌર શરીર, કેસર-ચંદન ચર્ચેલ અને શ્વેત વસ્ત્ર ધારણ કરેલ રામાનંદ સ્વામી તરત ઉઠી વર્ણીને બાથમાં લઈને મળ્યા. ગદ્‌ગદ્ કંઠ થવાથી કોઈ બોલી શક્યાં નહીં, સામે-સામે જોઈ રહ્યા. પછી આસન ગ્રહણ કર્યુ અને રામાનંદ સ્વામીએ વર્ણીને તેમનું કુળ, દેશ અને વૃત્તાંત પૂછ્યા. જે વર્ણીએ કહ્યું અને જેવી રીતે વનમાં વિચર્યા અને લોજ પધાર્યા એ બધું વૃતાંત કહ્યું. આ સાંભળી રામાનંદ સ્વામી કહે તમારા પિતા ધર્મદેવ અમને પ્રયાગમાં મળ્યા હતા અને અમારા શિષ્ય થઈ ભાગવતી દીક્ષા લીધી હતી. તેમના તમે પુત્ર છો. તમે અહિં આવ્યા તે આ ધરણી અને આ દેશના ધન્ય ભાગ્ય છે. તમારા દર્શન જેને થયા તે ભવપાર થઈ ગયા. તમારા પિતાથી પણ તમે ગુણવાન જણાઓ છો. રામાનંદ સ્વામીના આ વચન સાંભળી સહુ સંતો રાજી થયા અને વર્ણી પોતે ભગવાન હોવા છતાં રામાનંદ સ્વામીને પોતાથી અધિક માની તેમની સેવામાં રહ્યા. જ્યારે સવંત ૧૮૫૭ કારતક સુદ -૧૧ આવી ત્યારે એ દિવસે દિક્ષા આપી અને સહજાનંદ તથા નારાયણમુનિ નામ ધરાવ્યા. ઉધ્ધવ સંપ્રદાયની રીત પ્રમાણે શ્રીકૃષ્ણનો મંત્ર આપ્યો. આ નિલકંઠ વર્ણી પોતે સાક્ષાત શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે પણ મનુષ્ય રીત દેખાડે છે એમ રામાનંદ સ્વામી જાણતા હતા. તેથી પોતાની ધર્મધુરા વર્ણીને સોંપવાનું મનમાં નક્કી કર્યું.



# સહજ અમૃત

★જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેમણે જે જે ચરિત્ર કર્યા હોય અને જે જે આચરણ કર્યા હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય. માટે પોતાના ઈષ્ટદેવના જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. તે શાસ્ત્ર સંસ્કૃત હોય અથવા ભાષા (પ્રાકૃત/પ્રાદેશિક) હોય પણ તે ગ્રંથ સંપ્રદાયની પુષ્ટિ કરે, પણ તે વિના બીજો ગ્રંથ પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન કરે. એમ કહીને શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પોતાના સંપ્રદાય સંબંધી અને પોતાના ઈષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહ પર્યંત કરવાની આજ્ઞા કરી જે મુક્તાનંદ સ્વામીએ અતિ આદર કરીને શ્રીજીમહારાજનું એ વચન માથે ચડાવ્યું અને શ્રીજીમહારાજને બે હાથ જોડી નમસ્કાર કર્યા (ગ.મ.૫૮)

★ ચાર વેદ, પુરાણ, ઈતિહાસ એ સર્વેમાં એ જ વાર્તા છે જે ભગવાન ને ભગવાનના સંત એ જ કલ્યાણકારી છે અને એમની પ્રાપ્તિથી ઉપરાંત બીજું કાંઈ કલ્યાણ નથી અને એવા સંતની ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તો પણ કોઈકને એમ ડગમગાટ રહે જે મારુ કલ્યાણ થાશે કે નહિ થાય, તેનું શું કારણ છે? તો એ જીવને પૂર્વ જન્મને વિષે ભગવાન કે ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ નથી ને તેમની સેવા પણ તેમને કરી નથી અને જેમને એ સેવા કરી હશે તેમને તો ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ, અને કામ,ક્રોધ, લોભ સંબંધી ઘાટ તો કદાચિત રહે, પણ ભગવાનનો નિશ્ચય તો કોઈ રીતે મટે નહિ. (ગ.મ.૫૯)

★ ભગવાનનો ભક્ત હોય તે તો હરિભક્તને દુઃખે કરીને જરૂર દુઃખિયો થાય અને જે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ મારી નાખતો હોય અથવા તેને કોઈક દુઃખ દેતા હોય ને તે ભક્ત આડો જઈને મરે કે ઘાયલ થાય તો તેના પંચમહાપાપ સર્વે મટી જાય એવો ભગવાનના ભક્તનો પક્ષ રાખ્યાનો પ્રતાપ છે અને જેને ભગવાનના ભક્તનું વચન બાણની પેઠે હૈયામાં વસમું લાગે ને તેની વૈરભાવે આંટી પડી જાય એવો જે હોય તે ધર્મયુક્ત હોય કે તપેયુક્ત હોય ને સર્વે વૃથા છે. અને બીજા કોટી સાધન કરે તો પણ તેનું કલ્યાણ થાય નહિ અને તેવા ઉપર અમારે દયા નથી રહેતી (ગ.મ.૬૦)


જેને મૂર્તિનું સમીપપણું નથી તેને બીજાના દોષ દેખવામાં આવે છે.



# અબજ અમૃત

★ જેને એક ભગવાનનો જ આશરો હોય તેની કાળ, કર્મ, માયા થકી મહારાજ રક્ષા કરે છે. અને મૂર્તિ જોવાનો અભ્યાસ રાખે તો મૂર્તિનું સુખ મળે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષય ટૂંકા કરવા અને શુદ્ધ સત્વગુણે વર્તવું (૧/૨૩૪)

★ કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, અસૂયા કાઢવા જોઈએ. જો એ કાઢવા આગ્રહ કરેને મોટાને જીવ સોંપે તો એ સર્વે જાય અને મૂર્તિ ઈદમ્ દેખાય. (૧/૨૩૬)

★ સત્સંગનું ખુંધું ખમે તે આત્મનિષ્ઠા કહેવાય. જો આત્મનિષ્ઠા ન હોય તો અપમાન થાય ત્યારે મંડળ મૂકીને બીજે જાય અને ત્યાં અપમાન થાય તો એથી પણ બીજે જાય અને જો આત્મનિષ્ઠા ખરેખરી હોય તો આચાર્ય, સાધુ, હરિજનનો અવગુણ ન આવે અને પદાર્થ સારુ ભડાભૂટ ન કરે. દેહાભિમાન હોય તો મોટા અનાદિમુક્તનું પણ અપમાન થઈ જાય. જો આત્મનિષ્ઠા થઈ હોય તો બધું દિવ્ય થઈ જાય અને મોટાને વિષે મનુષ્યબુદ્ધિ ન આવે. સ્થૂળ, સુક્ષ્મ અને કારણમાં મૂર્તિમાંથી વૃત્તિ ડગે નહિ ત્યારે પરિપૂર્ણ નિશ્ચય થયો જાણવો. (૧/૨૩૮)

★ ત્યાગી વિદ્વાન હોય, પંડિત હોય પણ જો જડમાં લોભાય તો તેથી ભગવાન કુરાજી થાય અને જો પ્રાયશ્ચિત ન કરે તો જન્મ ધરાવીને પણ પ્રાયશ્ચિત કરાવે પછી મોક્ષ કરે. (૧/૨૪૦)

★ શ્રીજીમહારાજની મૂર્તિ સંભારીને પ્રાયશ્ચિત એક જણ જ આપે તો દોષ નહિ અને તે પ્રાયશ્ચિત કરનારના પાપ બળી જાય. પ્રાયશ્ચિત કરીને જે સાધન કરે તે ખજીને પડે અને પ્રાયશ્ચિત ન કરે તેના સાધન નિષ્ફળ જાય છે. (૧/૨૪૧)

★ એક ગજના તકતા (અરીસા) સામા આઠ-દસ હજાર સંત કે હરિજન બેઠા હોય તે સર્વે તકતામાં દેખાય છે તેમ મહારાજની મૂર્તિમાં અનંત મુક્તો રહ્યા છે (૧/૨૪૧)

★ ભગવાન પાસે આ લોકનું ન માગવું પણ દોષ ટાળવા પ્રાર્થના કરવી. એક ભગવાનમાં લગની લગાડવી, મોટાનો આશરો કરવો અને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવું (૧/૨૪૧)

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

- સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાંથી આવીને બેઠા છે તો પછી મોક્ષ કેમ ન થાય? એ તો ચાલતા ચાલતા મોક્ષ કરતાં જતા હતા એવું સમજાતું નથી, તે આપણી ભૂલ છે માટે નિશ્ચય મહારાજનો દઢ રાખવો જોઈએ.
- મહારાજની મૂર્તિ સંભારવી. ભૂલી ગયા હોય તોય સંભારવી. ભલે ન સાંભરે તો પણ એનો અભ્યાસ રાખવો. તો આપણું કામ મહારાજ કરે, કરે ને કરે જ.



## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

- અવરભાવમાં વ્યવહાર કાર્ય ગમે તે કરીએ, પણ પરભાવ સામી નજર રાખવી, અક્ષરધામમાં જે મહારાજ દિવ્ય તેજોમય છે, તે જ મહાપ્રભુ તેજ-ઐશ્વર્ય બંધ કરી મૂર્તિરુપે દર્શન દે છે. જેવી ધામની સભા દિવ્ય છે, તેવા જ સત્સંગમાં સંત હરિભક્ત દિવ્ય છે, એમ જાણી આપણું મોક્ષરુપ કાર્ય સિદ્ધ કરી લેવું. મહારાજ અને મહારાજનું અક્ષરધામ તથા દિવ્ય સભા સદાય છે, ને છે જ. સર્વાધાર હોય તે સર્વત્ર હોય. આવો પરભાવ દઢ કરવો. મહારાજનાં વચનામૃત, સદ્ગુરુઓની વાતો તથા બાપાશ્રીની વાતોનું મનન કરવું. કલ્યાણને અર્થે અનેક ગ્રંથો મોટાએ રચ્યા છે. તે ચરિત્રસાગરમાંથી જેટલું ચાંચમાં બળ હોય તેટલું લેવું, પીવાય તેટલું અમૃત પીવું, ઉડાય એટલું ઊડવું, સર્વ દિવ્ય ચરિત્રો-ઉપદેશ વચન બધાં આપણા અર્થે છે. તેમાં જે પ્રકરણ આપણા અંગમાં મળતું આવે તે લેવું અને બીજું બીજા ભક્તોને અર્થે છે એવો નિર્ણય મહારાજે સમજાવ્યો છે. આપણા ઉપર તો શ્રીજીમહારાજ અઢળક ઢળ્યા છે, જેથી મળ્યા અને મનાણા. આવો વિચાર કરતાં તે મૂર્તિ મુખ્ય રાખવી. શ્રીજીમહારાજની સરખામણીમાં કોઈ નથી. અજોડ અદ્વિતીય મહાપ્રભુ આપણને મળ્યા છે.
- મહારાજે કૃપા કરી સૌને પોતાની દિવ્યમૂર્તિના સુખ ભોક્તા કર્યા છે, એ સત્ય છે અને સત્ય રહશે.



## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા

- પ્રગટ ભગવાન કે ભગવાનના મળેલાં. મળે ત્યારે માયા ઉલંઘાવે છે.મળેલા કેને કહેવાય? જેને મૂર્તિનો સાક્ષાત્કાર છે એ મળેલા છે. એ તો નેત્રે જોયા, શ્રોત્રે સાંભળ્યા એનેથી કાંઈ એને કામ નથી. મળ્યા છે અક્ષરધામમાં જે અનંતમુક્તોને સુખ આપે છે તે આજ દયા કરીને મને દર્શન દે છે. મારા મનોરથ પૂરા કરે છે. મારી સેવાને અંગીકાર કરે છે. આવો જ્યારે સાક્ષાત્કાર થઈ જાય ત્યારે દેહના ભાવ મટીને પુરુષોત્તમ રુપ થઈ જાય. એવા મુક્તો સાથે એકાત્મને પામે.


મોટા અનાદિની પાસે આ લોકનું કાંઈ માગવું નહીં.

આપોપું કરવાનું કહ્યું. ત્યારે શંકા કરી કે આપોપું કર્યું ત્યારે..આ દેહ ભગવાન થઈ જવાય.. ભગવાન નથી થાવું. ગાલવ રાજાનો દાખલો દીધો. એને શ્યામકરણ ઘોડા લાવવા’તા. ત્યાં વરુણને ત્યાં હતા.તો ત્યાં તો જવાય નહીં. ગરુડજીને ગુરુ કર્યા. એના ઉપર બેસીને શ્યામકરણ ઘોડા લાવ્યા. તેમ પ્રગટ ભગવાન કે ભગવાનના મુક્ત તેને સાથે એકાત્મતાને પામે, એ પોતાનું સ્વરુપ માને..ત્યારે માયા ઉલંઘાય. તે માયા ઉલંઘવી બહુ કઠણ છે. જાતે નથી ઉલંઘાતી. એ મહારાજ અને મોટા દયા કરે ત્યારે માયા ઉલંઘાય છે. તે મહારાજને મોટાને ઓળખવા જોઈ. મહારાજમાં મનુષ્યભાવ કાઢી નાંખી અને પ્રત્યક્ષ જાણી એની સેવા, પરિચર્યા, એને વિષે હેત, પ્રીતિ, આત્મબુદ્ધિ થાય તો મહારાજ દયા કરીને માયા ઉલંઘાવે છે. સાધને કરીને નથી ઉલંઘાતી. બાહુબળે કાંઈ સમુદ્ર ન તરાય. નદી તરવી હોય તો તરાય.. સમુદ્ર તરવો હોય તો વહાણ કરવું જોઈ. વહાણ એટલે ઉપાસના ચોખ્ખી જોઈએ. જો અક્ષરધામમાં મૂર્તિ છે તે જ આ દયા કરીને દર્શન દે છે. અને આપણી સેવાને અંગીકાર કરે છે. આપના અનાદિના અધિકાર હતા તે બધાય દે છે. એ જ પ્રગટ ભગવાન જે અક્ષરધામમાં છે ને તે જ દર્શન દે છે. મુક્ત પણ મૂર્તિમાં રહ્યા થકા જીવને, મુમુક્ષુને મુક્ત કરે. પહેલું તો દેહની શુદ્ધિ કરાવે. દેહની શુદ્ધિ જે આજ્ઞા તે યથાર્થ પાળે. સત્સંગના જે નિયમ છે તે નિયમ પ્રમાણે ખબરદાર થઈ રહેવું. મહિમાના ઓથે આજ્ઞા લોપ ન કરવી. સ્થૂળ દેહે કરીને મહારાજની આજ્ઞા નિયમ પ્રમાણે વર્તવું. સૂક્ષ્મ દેહે કરીને ભગવાન વિના ખોટો ઘાટ કરવો નહીં. ભગવાન વિના ખોટો ઘાટ થાય ત્યારે એની દાઝ થાય કે અરે..રે.ભગવાન મળ્યા, આ જોગ મળ્યો, મનુષ્ય દેહ મળ્યો.. ને આવા ભૂંડા ઘાટ થાય છે? ત્યારે મનને પકડે.



## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા

- ભગવાન એક પછી એક બ્રહ્માંડમાં મનુષ્ય સ્વરુપ ધારણ કરીને પોતાની ઉપાસના પ્રવર્તાવે છે.
- એક જીવને જો ભગવાન સન્મુખ કરી શકીએ, તો ભગવાન એક બ્રહ્માંડ ઉગાર્યા જેટલું ફળ આપે છે.
- સારનો સાર કે બધા જ બ્રહ્મયજ્ઞનું ફળ એ ભગવાનની મૂર્તિ સાથે લગની લગાડવાનું છે. ભગવાનની મૂર્તિ સાથે જો અખંડ સંબંધ રહે તો કંઈ કરવાનું બાકી રહેતું નથી. ભગવાનની મૂર્તિ સાથે તો અખંડ સંબંધ ત્યારે જ રહે કે બાળપણથી જ ભગવાનની મૂર્તિ સાથે લગની લાગે. ભગવાનની મૂર્તિ જ ગમે. ખૂબ વહાલી લાગે. નાના બાળકને જેમ મા વહાલી લાગે છે, તેમ એ ભગવાન વિષે સ્નેહ ઉત્પન્ન થાય છે, ત્યારે ભગવાન સિવાય બીજું કાંઈ જ ગમતું નથી. બધો આનંદ એ મૂર્તિના દર્શન કરવામાં, મૂર્તિમાં રહીને, મૂર્તિ જોવી એમ બાપાશ્રી કહે છે એનો અર્થ જ એ કે અતિ સ્નેહે કરી અને મૂર્તિ સાથે રસબસ થઈ જવું. ભગવાનની કૃપા થતાં આમ થાય છે. ભગવાનનો સંબંધ થતાં મૂર્તિમાં જોડાતાં જોડાતાં ભગવાનની આપણા ઉપર કૃપા ઉતરે છે. એ કૃપાને લીધે મૂર્તિ ભુલાતી નથી. મૂર્તિ ન ભૂલાય એ રીતે બધી જ ક્રિયા કરવી જોઈએ.

# આધ્યાત્મિક જ્ઞાન

**ગતાંકથી ચાલુ.....**

*સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા*

૩૩૫ મનુષ્યદેહની દુર્લભતા :: આપણા આઠ અબજ ને ચોસઠ કરોડ (૮૬૪૦૦૦૦૦૦૦) વરસ થાય ત્યારે બ્રહ્માની અહોરાત્રિ થઈને તેનો એક દિવસ થાય છે. એવા ત્રીસ દિવસનો એક માસ, એવા બાર માસનું એક વરસ, એવા સો વરસ બ્રહ્મા દેહ રાખે છે. તે બ્રહ્મા દેહ મૂકે ત્યારે એ ચૌદ લોક સહિત બ્રહ્માંડનો નાશ થાય છે. ત્યારે પ્રકૃતિથી ઊપજ્યું જે કારજ તે સર્વે પ્રકૃતિમાં લય પામે છે; એ ત્રીજો પ્રાકૃતપ્રલય કહેવાય. આવા સાડા ત્રણ કરોડ૩૫૦૦૦૦૦૦ પ્રાકૃતલય થઇ જાય પછી જીવને આવો મનુષ્યદેહ મળે છે. અધધ !!! કેટલો વિલંબ !!! કેટલા બધા વરસ પછી !!! ૮૬૪૦૦૦૦૦૦૦ x૩૦ x૧૨x૧૦૦ બરાબર જેટલા આવે એટલા. જીવ આટલા વિલંબ પછી મેળવેલા મનુષ્યદેહને ખોટા ને ક્ષણિક માયિક સુખમાં અને ન કરવાના કામો પાછળ વેડફી નાખે છે. તે જીવ યમયાતના ને નરકકુંડના દુઃખ ભોગવીને તેમાં ફરી પાછો ઉપર કહ્યા એટલા વરસ પછી ફરીને મોક્ષ ક્ષેત્રમાં આવો મનુષ્યનો દેહ પામે છે. એટલો ફરીને મનુષ્યદેહ પામવાનો વિલંબ છે. માટે હે ભાઈ ! ગંભીરતાથી વિચારો , શું કરવા આવ્યા છીએ !! સૂઝે તો આજે જ સમજીને મોક્ષના દાતા સદગુરુ ને સંત તેમનો આશ્રય કરીને, તેમની આજ્ઞામાં વર્તીને, પોતાના આત્માનું શ્રેય કરીને ભગવાનના ધામમાં પહોંચી જવાય એવા પ્રયત્નોમાં લાગી જવું. આ છેલ્લો જન્મ થાય એવું કરી લેવું. મનુષ્યદેહ મોક્ષ મેળવવા માટેનું શ્રેષ્ઠ સાધન છે, જો આજ એ વાત નહિ સમજાય ને આ મળેલા મનુષ્યદેહને વૃથા ગુમાવી દેશું તો ફરી આવો જોગ મળવાની વાર (વિલંબ) તો આગળ લખી એટલી છે.

૩૩૬ પૂજા કરતી વખતે તિલક ચાંદલો કરવો એવો ભગવાનનો આદેશ છે. તિલક ચાંદલો કર્યા વિના પૂજન આદિક કરે તો વ્યર્થ થઇ જાય છે. શ્રીહરિ તેની પૂજા અંગીકાર (સ્વીકાર) કરતા નથી. '' સૌને વશ કરું રે, સૌનો કારણ હું ભગવાન '' ચાંદલો એ કારણ મૂર્તિનું પ્રતિક છે, તે ભૂંસાવો ન જોઈએ. - બાપાશ્રી.

૩૩૭ અનુવૃત્તિ : મહારાજ અને મુક્તોની અનુવૃત્તિમાં રહેવું એટલે શું ? તો એ બે રીતે છે (૧) અનુવૃત્તિ પ્રમાણે એમની સેવા કરવી તે (૨) બીજી અનુવૃત્તિ વર્તનની : એટલે કે તેઓ વર્તે છે એ રીતે અથવા તેઓ કહે તેવું વર્તન બનાવવું. એવું વર્તન બને તો બધાય દુઃખની નિવૃત્તિ થઇ જાય. અનુવૃત્તિ બહુ જ મોટી વસ્તુ છે.

૩૩૮ ઈર્ષ્યા કરવી તો કેવી કરવી ? એવી કરવી કે જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા ને પોતાના અવગુણનો ત્યાગ કરવો. તેવું ન થવાય ને ઈર્ષ્યાએ કરીને ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો સર્વ પ્રકારે ત્યાગ કરવો. નારદજીએ તુંબરુ સાથે ઈર્ષ્યા કરેલી તેવી કરવી. (પ્ર.૪).

૩૩૯ મૂળપુરુષ/પુરુષનો દેહ કેવો હોય ? :: મૂળપુરુષનો દેહ માયિક તત્વનો નથી, પોતે ચૈતન્ય મૂર્તિ છે પણ ત્યાગ-ભાગ (પોલાણપણું) નથી.

૩૪૦ કાળ કોને કહ્યો છે ? તે મૂર્તિમાન છે કે અમૂર્ત છે ? મૂળપુરુષના કાર્યનો પ્રલય કરે તેને કાળ કહ્યો છે. તે મૂર્તિમાન છે ને મૂળપુરુષથી પર છે. શ્રીજીમહારાજે લો.૧૭ ના ૫/૭ માં કહ્યું છે કે કાળ અમારી શક્તિ છે.

૩૪૧ બ્રાહ્મકલ્પ તથા પાદમ્કલ્પ એટલે શું સમજવું ? બ્રાહ્મકલ્પ એટલે બ્રહ્માએ અંગ થકી સૃષ્ટિ ઉત્પન્ન કરી તે. શેષશાયી નારાયણ નિમિત્ત પ્રલયમાં શેષશય્યાને વિષે જળાર્ણવમાં સૂતા હતા. તેની નાભિમાં (કમળ) થયું તેમાં બ્રહ્મા ઉત્પન્ન થયા અને તેમાં બ્રહ્માએ ચૌદ લોકની રચના કરી તેને પાદમ્કલ્પ કહે છે. (પ્ર.૧૩).

૩૪૨ જગતની ઉત્પત્તિ ને સ્થિતિ કેવી રીતે થાય છે ? ભગવાનની પુરુષ/મૂળપુરુષ ને પ્રકૃતિ/માયા એ બે શક્તિઓ છે તે જગતની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનું કારણ છે, તે બે શક્તિઓનું ગ્રહણ કરીને પોતે વિરાટરૂપને ધારતા હવા. તે વિરાટરૂપ જે એ ભગવાન તે પ્રથમ બ્રાહ્મકલ્પને વિષે પોતાના અંગ થકી બ્રહ્મા આદિક સ્તંબપર્યંત સમગ્ર જીવને સૃજતા હવા ને પાદમ્કલ્પને વિષે તો એ ભગવાન બ્રહ્મારૂપે કરીને મરીચ્યાદિકને સૃજતા હવા ને કશ્યપ ને દક્ષરૂપે કરીને દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ-પક્ષી આદિક સમગ્ર સ્થાવર-જંગમ જીવને સૃજતા હવા. એવા જે ભગવાન તે પુરુષ ને પ્રકૃત્તિરૂપ પોતાની શક્તિ સહિત જીવ જીવ પ્રત્યે અંતર્યામીપણે રહ્યા છે અને જે જીવે જેવા કર્મ કર્યા છે તેને તેવા દેહને પમાડે છે. કર્મ પ્રમાણે જીવને ભગવાન ઉદભિજ (વનસ્પતિ), જરાયુજ (બચ્ચા થતા હોય તેવા),સ્વેદજ (પરસેવામાંથી થતા હોય તેવા) અને અંડજ (ઈંડામાંથી થતા હોય તેવા) જાતિના દેહને પમાડે છે; ને સુખ-દુઃખરૂપ જે કર્મના ફળ તેને પમાડે છે અને તે જીવના કર્મ પ્રમાણે તેના દેહ થકી બીજા દેહને સૃજે છે. બીજા દેહને ઉપજાવે છે પણ જીવ અનેકરૂપે થતો નથી. (ગ.પ્ર.૧૩).

૩૪૩ ભગવાનની સાક્ષાત પ્રાપ્તિ ક્યારે થઇ કહેવાય ? આજ્ઞામાં રહે ને આશરો કરે, મનુષ્યભાવ ને પ્રતિમાભાવ ટાળીને દિવ્યભાવ આવે ત્યારે. (ગ.પ્ર.૧૪).



અનાદિમુક્ત મૂર્તિમાં જોડાઈ રહ્યા છે. મૂર્તિરૂપ છે, તોપણ સ્વામી-સેવક ભાવ દઢ રહે છે.

ભગવાનના કથા-કીર્તન કરતા દિવસ-રાત્રિ વીતે, પોતાના જીવાત્માનું બ્રહ્મરૂપે સાક્ષાત્ દર્શન થાય, ભગવાન વિના અન્યમાં વૈરાગ્ય થાય અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય તેને સાક્ષાત્ દર્શન થાય, ભગવાન વિના અન્યમાં વૈરાગ્ય થાય અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય તેને સાક્ષાત્ પ્રાપ્તિ થઇ કહેવાય. (મ.૬૬,પ્રશ્ન-૭).

૩૪૪ કેવો હોય તેને વિમુખ જાણવો ? સત્સંગ બહારનામાં-ભગવાનનો આશરો ન હોય તેને. સત્સંગમાં-કામી હોય તેને (પ્ર.૭૬/૨માં). ।। ધર્મભંગની વાત કરે તેને ગુરુદ્રોહી, અસુર ને અધર્મી પણ કહ્યો છે (પ્ર.૭૭,પ્રશ્ન-૧/૨માં,) ।। સંતનો અવગુણ લેશે તે વિમુખ થાશે (લો.૧,પ્રશ્ન-૯માં), બીજામાં અવગુણ પરઠે ને પોતામાં ગુણ પરઠે તેને અર્ધો વિમુખ કહ્યો છે (મ.૨૬/૨માં), ।। જે શ્રીજીમહારાજના ને મોટાપુરુષના ચારિત્રમાં ને તેમની સમજણમાં દોષ પરઠે તેને અધર્મી ને મૂર્ખનો રાજા પણ કહ્યો છે (પ્ર.૫૩/૨માં), ।। ભગવાનમાં દોષ બુધ્ધિ થાય તે વિમુખ થાય (વ.૧૨/૨માં).

૩૪૫ સત્સંગમાં કુસંગ, કુસંગી,નપુંસક કોને કહ્યો છે ? આજ્ઞા યથાર્થ કોણ પાળી શકે ? વર્તમાન ધર્મ પણ યથાર્થ કોણ પાળી શકે ? માટે જેટલું પળે તેટલું પાળીએ ને ભગવાન તો અધમ-ઉધ્ધારણ છે તે કલ્યાણ કરશે એમ કહે અને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં ધારવું તે કાંઈ આપણું ધાર્યું ધરાતું નથી, એ તો ભગવાન જેને દયા કરીને ધરાવે છે તેને ધરાય છે. એવી મોળી વાત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ આદિક સાધનમાંથી બીજાને મોળા પાડે છે. આમ વાતના કરનારા હિંમત વિનાની વાત કરે છે તે સત્સંગમાં કુસંગ છે. એવા જે છે તે કુસંગી તથા નપુંસક છે. એવી હિંમત વિનાની વાત જે દિવસે થાય તે દિવસ ઉપવાસ કરવો, એવી મહારાજની આજ્ઞા છે. (પ્ર.૧૭).

૩૪૬ સ્વસિધ્ધ અનાદિ કોને કહેવાય ? જેને કોઈનો ઉપદેશ ન હોય, કોઈની ભક્તિ ન હોય ને કોઈને આધિન ન હોય તેને જ કહેવાય. આવા અનાદિ તો શ્રીજીમહારાજ એક જ છે. શ્રીજીમહારાજની મૂર્તિને વિષે જેને એકતા થાય તેને શ્રીજીમહારાજને લઈને અનાદિ કહેવાય.

૩૪૭ અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની કોણ છે ? મહારાજ કહે છે કે આ દેહમાં રહેનારો જે જીવ તે રૂપ, કુરૂપ, બાળ, યૌવન, વૃધ્ધપણું ને બીજા અનંત પદાર્થને જુએ છે પણ પોતે પોતાને જોતો નથી, કેવળ બાહ્યદ્રષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે, વળી સર્વે ઇન્દ્રીયોએ કરીને વિષય સુખને ભોગવે છે; જાણે છે પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જોતો નથી એ જ સર્વે અજ્ઞાનીમાં અતિશે અજ્ઞાની છે, ને ઘેલામાં અતિશે ઘેલો, મૂર્ખમાં અતિશે મૂર્ખ ને નીચમાં અતિશે નીચ છે. (પ્ર.૨૦).

૩૪૮ ભગવાનને પ્રસન્ન કરવાનો ઉપાય : એકાંતિક ધર્મ કોને કહેવાય ? :: ચાર સાધન (૧) પોતપોતાના ધર્મમાં અચળ નિષ્ઠા (૨) આત્મનિષ્ઠાની અતિશે દ્રઢતા (૩) ભગવાન વિના બીજા સર્વે પદાર્થની અરુચિ (૪) ભગવાનની માહાત્મ્યે સહિત નિષ્કામ ભક્તિ. આ ચાર સાધને કરીને ભગવાનની અતિશે પ્રસન્નતા થાય છે. આ ચાર સાધનને જ એકાંતિક ધર્મ કહેવાય છે. (પ્ર.૨૧).

૩૪૯ ભગવાન સાક્ષાત્ મળ્યા ક્યારે કહેવાય ? ભગવાન મનુષ્યરૂપે હોય ત્યારે ધામમાં જે મૂર્તિ છે તે જ આ મૂર્તિ છે એમ જાણે, પ્રતિમારૂપે દર્શન આપતા હોય ત્યારે તે પ્રતિમાને ધામમાં જે મૂર્તિ છે તે જ જાણે અને આજ્ઞામાં રહીને ભક્તિ કરે તો સાક્ષાત્ મળ્યા કહેવાય. (પ્ર.૨૫).

૩૫૦ કેવી રીતે વર્તે તો છકી ગયો કહેવાય ? શ્રીજીમહારાજના જ્ઞાનનો ને મહિમાનો ઓથ લઈને વર્તમાનમાં ફેર પાડે, સત્સંગના ધોરણ પ્રમાણે ન વર્તે ને બીજાથી પોતાને અધિક માને તે છકી ગયો કહેવાય. એવાને પહેલા મહારાજની કૃપાથી કાંઈક શુભ ગુણ પ્રાપ્ત થયા હોય તે જતા રહે ને ઉલટો મહારાજનો કોપ થાય. (પ્ર.૨૫).

૩૫૧ મોટપ-નાન્યપ : મોટપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તેમની આજ્ઞા પ્રમાણે વર્તવે કરીને છે. એ બે વાના જેને ન હોય તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તોપણ એ નાનો જ છે. (પ્ર.૩૧).

૩૫૨ અલ્પ દોષ કયા કયા ગણવા ? બહુ બોલવાની ને ધાર્યું કરવાની પ્રકૃતિ હોય, દેહની ક્રિયા કોઈને મળતી આવે એવી ન હોય ને સરળપણું ન હોય એવા સ્વભાવ હોય તે અલ્પ દોષ જાણવા. આવા અલ્પ દોષ જોઇને કોઈ ભક્ત કે સંતનો અવગુણ ન લેવો. શ્રીજી કહે છે કે અલ્પ સરખો દોષ દેખીને અવગુણ લે તો અમારે કે મોટા મુક્તને વિષે પણ દોષ દેખાય, એવાને આસુરી બુધ્ધિવાળો જાણવો. (પ્ર.૩૧).

૩૫૩ ભગવાનનું સગુણપણું-નિર્ગુણપણું કેવી રીતે સમજવું ? : સગુણપણું=અપારપણું (મોટામાં મોટું),નિર્ગુણપણું=સૂક્ષ્મપણું (નાનામાં નાનું). જ્યાં શ્રીજીમહારાજનું સગુણ-નિર્ગુણપણું આવે ત્યારે તેમના તેજરૂપ અક્ષરધામનું સગુણ-નિર્ગુણપણું જાણવું. મહારાજ તો પોતાના તેજથી પણ પર છે ને એ તેજના પણ આધાર છે ને સદા મૂર્તિમાન છે, તેમને તો સગુણ કે નિર્ગુણ કહેવાય નહિ.(મ.૪૨).

**ક્રમશઃ**



અનાદિમુક્તને મૂર્તિના સુખમાં ક્યારેય પાર પામવાપણું નથી. સદાય અપારને અપારપણું છે.

# શ્રીજી મહારાજની રૂચિ/અભિપ્રાય/રહસ્ય વચનામૃતને આધારે

- શ્રી રાજ વકીલ - અમદાવાદ

દિવ્ય પરાવાણી વચનામૃતમાં દરેક જગ્યાએ શ્રીજીમહારાજે પોતાની રૂચિ, પોતાનો અભિપ્રાય અને રહસ્યોની વાત કરી છે, અને તે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના વગેરેના સંદર્ભમાં મુખ્યત્વે હોય છે. ભગવાન અને તેમના મુક્તોનો પ્રગટ થવાના મુખ્ય હેતુઓમાંનો એક હેતુ જીવોને પોતાનો અભિપ્રાય જણાવી એકાંતિક ધર્મને વિસ્તારી પોતાના સુખનો અનુભવ કરાવવાનો હોય છે. જેથી સર્વોપરી અધ્યાત્મશાસ્ત્ર વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના ગુઢ રહસ્યોની અદ્ભુત છણાવટ કરી છે. મહારાજે લોયાના ૧૪માં વાત કરી કે આગળ જે જે ધર્મોના સ્થાપક આચાર્યો થઈ ગયા તે સર્વેની જુદી જુદી રૂચિ તેમણે રચેલા શાસ્ત્રો દ્વારા જણાય છે. અને એ સર્વે આચાર્યે પોતાના ગ્રંથોમાં પ્રસંગે કરીને બીજી વાર્તાઓ લખી છે પણ ગમે તેવી રીતે કરીને અંતે પોતાની રૂચિ ઉપર જાય એમ તેમના ગ્રંથોને વિષે તેમનાં વચન છે તેણે કરીને તેમનો અભિપ્રાય યથાર્થ જાણ્યામાં આવે છે. આ વાત ઉપરથી મહારાજે એ સ્પષ્ટતા કરી કે સર્વજીવ હિતાવહ વચનામૃત શાસ્ત્રમાં પણ પ્રસંગે પરોક્ષ શાસ્ત્રોની વાતો વણી છે. પણ અંતે તો એ બધી જ વાતો પાછળ સિદ્ધાંતનો શ્રીજી મહારાજે પોતાનો જ કહ્યો છે. તેથી જ મહારાજે લોયાના ૧૪માં છેલ્લે જણાવ્યું કે આવી રીતે અમારો અભિપ્રાય તથા રૂચિ છે તે અમારી વાર્તાએ કરીને તથા અમે માન્યા જે અમારા સંપ્રદાયના ગ્રંથ તેણે કરીને જો પૂર્વાપર વિચારીને જુએ તો જે બુદ્ધિમાન હોય તેના જાણ્યામાં આવે છે. મહારાજે મધ્ય ૩૯માં, વડતાલ ૧૮ ઈત્યાદિકમાં પરોક્ષ શાસ્ત્રોને પ્રમાણ કર્યા છે તેમજ શિક્ષાપત્રીમાં પણ આઠ શાસ્ત્રોને માન્યા છે. પરંતુ ઉપરોક્ત લોયાના ૧૪ની વાતમાં કહી દીધું કે અમે માન્યા જે અમારા સંપ્રદાયના ગ્રંથ તેણે કરીને વિચારે તો જ જાણ્યામાં આવે છે. પરમપૂજ્ય બાપાશ્રીએ આ વાત પર ખૂબ ભાર મૂક્યો અને જણાવ્યું કે મધ્યના ૫૮માં વચનામૃતમાં મહારાજે પોતાનો અભિપ્રાય જણાવતા કહ્યું કે જે જે આચાર્ય થયા છે તેના સંપ્રદાયની પુષ્ટિ ઘણાંક કાળ સુધી રહેવાનો એ જ ઉપાય છે કે જે સંપ્રદાયના ઈષ્ટદેવ હોય તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેમણે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર તેણે કરીને જ સંપ્રદાયની પુષ્ટિ થાય છે. ત્યારબાદ મહારાજે વધારે સ્પષ્ટતા કરી કે રામચંદ્રના ઉપાસક ને વાલ્મીકિ રામાયણે કરીને જ તેમજ શ્રીકૃષ્ણ ભગવાનના ઉપાસકને દશમસ્કંધ અને એકાદશ સ્કંધ એ ભાગવતના સ્કંધ તેણે કરીને જ પોતાના સંપ્રદાયની પુષ્ટિ થાય પણ એ બન્ને વેદે કરીને પોતાના સંપ્રદાયની પુષ્ટિ ન થાય. એટલે જ શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પોતાના સંપ્રદાય અને ઈષ્ટદેવ જે શ્રીજી મહારાજ તે સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તેને જ દેહ પર્યંત કર્યા કરાવાની આજ્ઞા આપી અને પોતાના આશ્રિતોને સમજાવી દીધું કે અમારા સંપ્રદાયની પુષ્ટિ અમારા સંપ્રદાયના ગ્રંથથી જ થાય અને તેથી મહારાજે શિક્ષાપત્રી શ્લોક ૨૦૩માં કહી દીધું કે અમારા સંપ્રદાયનો વિસ્તાર અમારા સંપ્રદાયના ગ્રંથ થકી જાણવો. મધ્યના ૩૧માં પણ મહારાજે કહ્યું કે આવી વાર્તા અમે ઘણીક વાર કરી છે પણ એનું મનન કરીને સારી પેઠે પોતાના અંતરમાં ઘેડ્ય બેસારતા નથી એટલે શાસ્ત્રના શબ્દને સાંભળીને સમજણમાં ઠા રહેતો નથી ને ઠાવકી ઘેડ્ય બેસારી હોય તો એની સમજણ કોઈ દિવસ તે શબ્દને સાંભળવે કરીને ફરે નહિ. એ જ વચનામૃતમાં મહારાજે પુરૂષોત્તમ, પુરૂષ, ઈશ્વર અને જીવ એ ચાર ભેદ અનાદિ કહ્યા છે તેમજ પ્રથમના ૭માં વચનામૃતમાં પુરૂષોત્તમ, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ એ પાંચ ભેદ અનાદિ કહ્યા છે. શ્રીજીમહારાજે પોતાનો સિદ્ધાંત, અભિપ્રાય અને રૂચિ જણાવવાપૂર્વક પાંચ ભેદનો સિદ્ધાંત સમજાવવા મધ્યના ૩૧માં સ્પષ્ટતા કરી કે પોતે પ્રગટ્યા તે પહેલા પરોક્ષ શાસ્ત્રોમાં ચાર ભેદઃ પુરુષોત્તમ, પુરૂષ, ઈશ્વર અને જીવ અનાદિ કહ્યા છે. પણ વાસ્તવમાં જેને પરોક્ષ શાસ્ક્ષોમાં પુરૂષોત્તમ કહ્યા છે તે પાંચ ભેદ મહિલા પ્રકૃતિ પુરૂષ રૂપ ઈશ્વર છે. તે સિદ્ધાંત છેલ્લાના ૧૦માં જણાવી દીધો કે પુરૂષ રૂપ જે ઈશ્વર તેનો માયા સાથે સંબંધ થાય છે ત્યારે માયામાંથી અનંત જીવ ઉત્પન્ન થઈ આવે છે. તેમજ એમ પણ જણાવ્યું કે ચાર ભેદ માહેના જે પુરૂષ કહેતાં પ્રકૃતિપુરૂષ કહ્યાં છે તે વાસ્તવમાં પ્રધાનના પતિ પુરૂષને કીધા છે. તેની સ્પષ્ટતા બાપાશ્રીએ પંચાળાના બીજાના રહસ્યાર્થમાં કરી કે યોગ અને સાંખ્યવાળાએ તેમના શાસ્ત્રોમાં જેને અક્ષરધામ શબ્દથી કહ્યું છે તેને પ્રકૃતિપુરૂષનું તેજ જાણવું અને જેને પુરૂષોત્તમ શબ્દથી વર્ણન કર્યા છે તેને મૂળપુરૂષ જાણવા અને નિર્ગુણ વાસુદેવ પણ એના તેજને જ કહે છે અને પ્રધાનપુરૂષને પ્રકૃતિપુરૂષ શબ્દથી કહ્યા છે. તેમજ ચાર ભેદ માહેના જે ઈશ્વર કહ્યા છે તે પરોક્ષ શાસ્ત્રોમાં વૈરાજ પુરૂષને કહ્યાં છે. અને વૈરાજથી ઉપજ્યા સર્વેને જીવ કહ્યા છે અને તેથી પ્રથમ ૭માં તથા મધ્યના ૩૧માં પાંચભેદના પ્રસંગનો સિદ્ધાંત સમજાવવાપૂર્વક પરોક્ષ શાસ્ક્ષોમાં વર્ણવેલ ચાર ભેદ માંહીલા વૈરાજ પુરૂષને ઈશ્વર શબ્દથી મહારાજે વર્ણવ્યા છે અને પછીથી જેમ છે તેમ પોતાનો અભિપ્રાય સમજાવ્યો કે માયામાંથી ઉત્પન્ન થાય અને લીન થાય તે જીવ કહેવાય તો ઈશ્વર કે પુરૂષ કેવી રીતે કહેવાય? તેમ સમજાવીને પ્રથમના ૧૨ તથા પ્રથમના ૪૧ આદિ પ્રમાણે કહી દીધું કે મૂળમાયામાંથી ઉત્પન્ન થતા પ્રધાન પુરૂષ આદિ. સર્વે પાંચ ભેદ માહિલા જીવના ભેદમાં છે. પ્રકૃતિરૂપ માયા તે માયાના ભેદમાં છે. છેલ્લાના ૧૦માં જણાવ્યા મુજબ પુરૂષ કહેતા પ્રકૃતિપુરૂષ જે મૂળપુરૂષ તે ઈશ્વરના ભેદમાં છે. તેથી પર વાસુદેવબ્રહ્મ અને મૂળઅક્ષરની ભૂમિકાઓ છે જે બ્રહ્મના ભેદમાં છે અને પુરૂષોત્તમ જે શ્રીજીમહારાજ તે પુરૂષોત્તમના પાંચમા અંતિમ ભેદમાં છે.



મોટાનો જોગ ન ઓળખાણો હોય તે વ્રત, જપ, આદિક ઘણા સાધન કરે તો પણ તેને બાકી રહે છે.

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

*સંકલન :- કલ્યાણ નારણ વેકરીયા-બળદીયા*

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

## આત્મનિષ્ઠા

**ગ.મ.૬૨.** જીવના કલ્યાણને અર્થે ત્રણ અંગ છે તે અતિ સુખદાયી છે (૧) આત્મનિષ્ઠા જે આત્મરૂપે થઈને પરમેશ્વરનું ભજન કરવું (૨) પતિભાવે ભગવાનનું ભજન કરવું અને (૩)દાસભાવે ભગવાનનું ભજન કરવું. અમે તો એ ત્રણે અંગને દઢ કરીને રાખીએ છીએ. અને એ ત્રણ અંગમાંથી જેને એક અંગ પણ દઢપણે હોય તો પણ તે કૃતાર્થ છે. તે અંગની વિક્તિ જે હું આત્મા છું અને મારે વિષે પરમાત્મા અખંડ રહ્યા છે એવી અખંડ સ્થિતિ રહે એ આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે. અને પરમેશ્વર વિના બિજે ક્યાંય હેત નહિ તે પતિવ્રતાનું અંગ છે અને ભગવાનની આજ્ઞાને વિષે પરમ આનંદ પામે તે દાસપણાનું અંગ છે.

**ગ.મ.૬૩.** દષ્ટા એવો જે આત્મા તે આત્મપણે રહેવું અને ઈન્દ્રિયો અંતઃકરણ ભેળું ભળવું નહિ એમ સત્તારૂપ રહે તેનો જીવ બળને પામે છે.

**ગ.મ.૬૫.** જેને આત્મનિષ્ઠા અને તીવ્ર વૈરાગ્ય હોય પણ ભગવાનની ભક્તિ ન હોય તો એ મોટું દૂષણ છે. અને જેને ભગવાનને વિષે ભક્તિ હોય પણ આત્મનિષ્ઠા અને વૈરાગ્ય ન હોય તો એ ભક્તિ માર્ગવાળાને પણ મોટું દૂષણ માટે આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને ભગવાનને વિષે ભક્તિ એ ત્રણેય ભેળા હોય ત્યારે કોઈ જાતની ખોટ ન કહેવાય.

**ગ.મ.૬૬.** જીવ સત્તામાત્ર છે અને ચૈતન્ય વસ્તુ છે. અને ચૈતન્ય દ્રવ્યને પણ ચોટવાનો સ્વભાવ છે તેથી માયિક એવા જે સ્થૂળ, સુક્ષ્મ ને કારણ એ ત્રણ શરીર

## ભગવાનનું મહાત્મ્ય

**ગ.મ.૫૯.** ભગવાન અને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ ત્યારે જીવને એથી ઉપરાંત બીજુ કોઈ કલ્યાણ નથી; એ જ પરમ કલ્યાણ છે. અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે. થોડા પુણ્યવાળાને મળતી નથી માટે ભગવાનના સંત સાથે હેત રાખવું તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. જેને પૂર્વ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તની પ્રાપ્તી થઈ હશે અને તેમની સેવા કરી હશે તેને તો ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત માટે જ નહિ અને કામ, ક્રોધ, લોભ, સંબંધી ઘાટ તો કદાચિત રહે પણ ભગવાનનો નિશ્ચય તો કોઈ રીતે મટે નહિ.

**ગ.મ.૬૩.** અને કેવળ સત્તારૂપે રહેવું તેથી પણ ભગવાન અને ભગવાનના ભક્ત ભેળું રહેવું ને તેને અર્થે જે સેવા બની આવે તે અતિશય શ્રેષ્ઠ સાધન છે. અને ભગવાનના ભક્ત તો કેવળ બ્રહ્મની મૂર્તિઓ છે. તેને વિષે મનુષ્યભાવ લાવવો નહિ. અને ભગવાનના ભક્તની જે સેવા-ચાકરી કરવી તે બરાબર કોઈ પુણ્ય નથી અને તેમનો દ્રોહ કરવો તે બરાબર કોઈ પાપ નથી.

**ગ.પ્ર.૬૪.** ભગવાન પોતાના અક્ષરધામમાં રહ્યા થકા અનંત કોટી બ્રહ્માંડને વિષે જ્યાં જેમ જણાવું ઘટે ત્યાં તેમ જણાય છે. પણ આકાશની પેઠે અરૂપપણે કરીને વ્યાપક નથી મૂર્તિમાન વ્યાપક છે.

**ગ.મ.૬૬.** જેને ભગવાન અને ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ છે તેને તો જીવતા ભગવાનના કથા કિર્તન કરતાં થકા જ દિવસને રાત્રિ વિતે છે અને ત્રણે અવસ્થાથી પર જે પોતાનો જીવત્મા તેનું



હજારો સાધનિક હોય તે એક અનાદિમુક્તની તુલ્ય ન થાય એવી અનાદિમુક્તની અલૌકિક સામર્થી છે.

તેનો સંબંધ વર્તે છે અને અજ્ઞાને કરીને તે શરીરને વિષે પોતાપણું માને છે પણ વસ્તુતે તો જીવ નિરાકાર છે. અને જ્યારે અજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે એ માયિક ત્રણ દેહનો સંગ છૂટી જાય છે અને આઠ પ્રકારની પ્રકૃતિ તે થકી જુદી જે ચૈતન્ય પ્રકૃતિ તેનો દેહ ભગવાનની ઈચ્છાએ કરીને બંધાય છે, ને તેણે યુક્ત થકો ભગવાનના અક્ષરધામને વિષે રહે છે.

કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે અને બ્રહ્માદિક દેવો પણ ભગવાનની આજ્ઞામાં રહે છે. માટે ભગવાનનો ભક્ત હોય તેને એ ભગવાનની આજ્ઞા જે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિ એ ચાર સાધનની દૃઢતા તે ભગવાનની પ્રસન્નતાને અર્થે છે તે દૃઢ કરીને રાખવા એ જ ભક્તનું લક્ષણ છે.

બ્રહ્મરૂપે સાક્ષાત દર્શન થાય છે, અને ભગવાન વિના અન્ય પદાર્થ માત્રને વિષે વૈરાગ્ય થાય છે અને અધર્મનો ત્યાગ કરીને ધર્મને વિષે રહેવાય છે. અને દેહ મુકે ત્યારે એવા ભક્તને ભગવાન પોતા જેવો જ કરે છે અને જેમ ભગવાન કાળ, કર્મ અને માયા રહિત છે. તેમ જ ભગવાનના ભક્ત પણ કાળ, કર્મ અને માયા થકી રહિત થાય છે અને અખંડ ભગવાનની સેવામાં રહે છે.

**ગ.મ.૬૭.** ભગવાનનો ભક્ત ભગવાનના ધામમાં જાય છે ત્યારે તે ભક્ત પણ કાળ, કર્મ અને માયા રહિત થાય છે ને જેવા ભગવાન સ્વતંત્ર છે તેવો થાય છે ત્યારે સ્વામી-સેવકપણું શા ભેદે કરીને છે? જ્યારે ભગવાનનો ભક્ત દેહ મેલી ભગવાનના ધામમાં જાય છે ત્યારે રૂપ, ગુણ, સામર્થી, સુંદરતા પણ ભગવાન જેવા પ્રાપ્ત થાય છે તો પણ તે ભક્તને ભગવાનના રૂપ, ગુણ, સામર્થી, સુંદરતા અતિ અપાર-અપાર જણાય છે. પણ ભગવાન જેવો થવા કોઈ સમર્થ નથી. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે, તો પણ સ્વામી સેવકપણું રહે છે.

**ક્રમશઃ**

# કેળવણી

**શ્રી ઘનશ્યામ એકેડેમીમાં જન્માષ્ટમી ઉજવણી નું આયોજન કરાયું.**

તારીખ ૧૩-૦૮-૨૫ ના રોજ શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગી બહેન જોષીના માર્ગદર્શન હેઠળ જન્માષ્ટમી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. **K.G section** ના વિર્ધાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બધા બાળકો દ્વારા મટકી ફોડવાનો પ્રયત્ન કરેલો, પછી એક વિદ્યાર્થી દ્વારા મટકી ફોડી, અને પછી ચોકલેટ વહેંચવામાં આવી. જન્માષ્ટમી ઉજવણીનો મુખ્ય હેતુ એ રહ્યો હતો કે બાળકો હિન્દુ તહેવારોનું મહત્વ સમજે અને તેના વિશે જાણકારી મેળવે.

**૭૯ માં સ્વાતંત્ર્ય દિનનું આયોજન**

શ્રી અબજીબાપા એજયુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડેમી મધ્યે શાળાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોષી ના માર્ગદર્શન હેઠળ તાઃ ૧૫-૦૮-૨૦૨૫ શુક્રવારનાં રોજ ૭૯ માં સ્વાતંત્ર્ય દિનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ની શરૂઆત રાષ્ટ્રગીત દ્વારા કરવામાં આવી. ત્યારબાદ મુખ્ય મહેમાન સંસ્થાના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ વેકરીયા ના હસ્તે ત્રિરંગો લહેરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ રાષ્ટ્રગાન અને ઝંડાગીત બોલી અને 'આઝાદી અમર રહો' ના વિવિધ નારા લગાવવામાં આવ્યાં હતાં. શાળાના ટ્રસ્ટી શ્રી કલ્યાણભાઈ વેકરીયા વીરોના બલિદાનને યાદ કરી, અંગ્રેજોની ગુલામીમાંથી કેવી રીતે મુકત થયા તેની માહિતી આપી હતી. ત્યારબાદ શાળાના આચાર્યા શ્રી શુભાંગીબેન જોષી દ્વારા આભારવિધી કરવામાં આવી હતી. અંતે પ્રસાદ વિતરણ બાદ સૌ છૂટા પડયા હતા.

આ સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ધોરણ-૧૦માં અભ્યાસ કરતા દેવાંશુ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. અને અતિથિ સ્વાગતકર્તા તરીકે યશરાજસિંહ ચૌહાણ જવાબદારી નિભાવી હતી.




## અષાઢી ઉજવણી : લંડન

















MURTI
SEPTEMBER 2025
Year - 22 : Issue - 09
Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025



૭૯ મો સ્વાતંત્ર્ય દિન




કચ્છી નવા વર્ષની ઉજવણી

**-: Publisher :-**
Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria